# <u>જાહેરનામું</u>

**પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાં હુકમ ક્રમાંક:ગ/ઉપક/ટ્રાફીક/ /૨૦૧૫ તા. /03/૨૦૧૫**

હું શિવાનંદ ઝા પોલીસ કમિશ્નરશ્રી,અમદાવાદ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧ નંબર ૨૨ ની પેટા કલમ (૩૩) (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હાલમાં અમદાવાદ શહેરમાં આગામી તા.૧/૪/૨૦૧૫ થી તા.૪/૪/૨૦૧૫ સુધી નાગરિક ઉડ્ડયન દ્વારા " ગુજરાત એરો કોન્કલેવ-૨૦૧૫" નો એરફોર્સના જહાજો દ્વારા આકાશમાં વિવિધ કરતબો રજુ કરવા બાબતે રીવરફ્રન્ટ અંદરના રસ્તાને વાહન વ્યવહારના નિયમનમાં સરળતાં રહે તે સારુ નીચે મુજબનો હુકમ કરૂ છું.

**<u>હુકમ</u> :-**

અમદાવાદ શહેર વિસ્તારમાં ગાંધીબ્રીજ થી નહેરુબ્રીજ વચ્ચે રીવરફ્રન્ટ ખાતે નાગરિક ઉડ્ડયન દ્વારા "ગુજરાત એરો કોન્સલેવ-૨૦૧૫" નો એરફોર્સના હવાઇ જહાજો દ્વારા આકાશમાં વિવિધ કરતબો રજુ કરવાનો તા.૧/૪/૨૦૧૫ થી તા.૪/૪/૨૦૧૫ સુધી કાર્યક્રમ યોજાનાર છે અને આ કાર્યક્રમનાં ઉદઘાટન પ્રસંગે તા.૧/૪/૨૦૧૫ ના રોજ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનાઓ તથા અન્ય વી.વી.આઇ.પી. શ્રીઓ પધારનાર છે. તેમજ બાકીના દીવસોએ પણ આ કાર્યક્રમ જોવા મોટી સંખ્યામાં નાગરિકોનો ધસારો રહેવાની શક્યતા છે. જેથી આ કાર્યક્રમ દરમ્યાન ટ્રાફીકની કોઇ વિકટ સમસ્યા ઉભી ન થાય તે સારુ આ કાર્યક્રમ દરમ્યાન **<u>તા.0૧/0૪/૨૦૧૫ ના રોજ બપોર કલાક ૧૪.00 થી ૧૮.00 તથા તા.૨,૩,૪/0૪/૨૦૧૫ ના સવાર કલાક ૧0.00 થી ૧૩.00 તથા સાંજ કલાક ૧૫.00 થી ૧૮.00 વાગ્યા દરમ્યાન ઉસ્માનપુરા થી નહેરુબ્રીજ સુધીનો રિવફ્રન્ટનો અંદરનો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવે છે.</u>**

**<u>વૈકલ્પિક માર્ગ</u>** : રીવરફ્રન્ટ અંદરના રસ્તાની જગ્યાએ મુખ્ય આશ્રમ રોડનો ઉપયોગ કરી શકાશે.

**<u>અપવાદ</u>** : એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ તેમજ વી.વી.આઇ.પી. મુવમેન્ટ વખતે જરુર જણાયે બેરીકેડ ખોલી જઇ શકાશે.

આ જાહેરનામાનો અમલ તા.૧/૪/૨૦૧૫ ના રોજ બપોર કલાક ૧૪.00 થી ૧૮.00 તથા તા.૨,૩,૪/0૪/૨૦૧૫ ના સવાર કલાક ૧0.00 થી ૧૩.00 તથા સાંજ કલાક ૧૫.00 થી ૧૮.00 સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનાં આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ- ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. /03/૨૦૧૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા. /03/૨૦૧૫
અમદાવાદ શહેર

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર